ક્રમાંક:માવિ-૩/કરુણા અભિયાન/૨૦૧૯/૩૩૪-૩૫.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા:૦૮/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ તમામ ,
માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તમામ,
બનાસકાંઠા.

વિષય : કરુણા અભિયાન-૨૦૨૦ અંતર્ગત જાગૃતિ બાબત.
સંદર્ભ: માનનીય કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને થયેલ તા:૦૮/૦૧/૨૦૨૦ ના રોજ મીટીગમાં મળેલ સુચના.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ઉતરાયણનો તહેવાર સમગ્ર રાજ્યમાં હર્ષોઉલ્લાસથી ઉજવાય છે. પતંગ ઉડાડવાની મજા માણતા ઘણીવાર પતંગની દોરીથી પક્ષીઓને ઇજા પહોચે છે તેમજ ઘણીવાર મૃત્યુ પણ થાય છે. આ ઘટનાઓ નિવારવા અથવા ઓછી કરવા માટે વનવિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરુણા અભિયાન-૨૦૨૦ અંતર્ગત પક્ષીઓની સારવાર અને બચાવની કામગીરી થાય છે. આપની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓમાં પક્ષીઓ પ્રત્યે સંવેદના જાગૃત થાય તે માટે વિદ્યાર્થીઓને પ્રાર્થના કાર્યક્રમમાં અને વર્ગખંડોમાં શિક્ષકશ્રીઓ અને આચાર્યશ્રી દ્વારા માર્ગદર્શન આપવું તેમજ આ સાથે સામેલ વનવિભાગ કરુણા અભિયાન દ્વારા જાહેર કરેલ માર્ગદર્શિકા અનુસાર બાળકોને "આટલુ કરીએ" તેમજ " આટલુ ન કરીએ" તેમ સમજાવવા જણાવવામાં આવે છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

બિડાણ: બનાસકાંઠા વનવિભાગ પાલનપુરની માર્ગદર્શિકા

નકલ રવાના:
(૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, તમામ
(૨) બી.આર.સી.કો-ઓ.,તમામ
૨/- તમામ શાળાઓને જાણ વ અમલ કરાવવા સારૂં.

Scanned by CamScanner

બનાસકાંઠા વન વિભાગ, પાલનપુર

જાહેર વિનંતી

Forests Department
Government of Gujarat

# કરુણા અભિયાન –૨૦૨૦

## ઉડે આભમાં પતંગો તમારી સંભાળજો આંભમાં છે સવારી અમારી..

ઉતરાયણનો તહેવાર સમગ્ર ગુજરાતમાં હર્ષોલ્લાસથી દર વર્ષે ઉજવીએ છીએ. ઉતંગ ઉડાવવાની મજા માણતા ઘણી વખત પતંગની દોરીથી પક્ષીઓ ઈજા કે મૃત્યુ પામે છે. આ અબોલ અને નિર્દોષ પક્ષીઓના જીવ અમુલ્ય છે અને તેને બચાવવા આપણી સૌની નૈતિક ફરજ છે. વન વિભાગ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્વયંસેવકોના સાથ અને સહકારથી "કરૂણા અભિયાન – ૨૦૨૦ " અંતરગત ઈજાગ્રસ્ત પક્ષીની સારવાર અને બચાવની કામગીરીનું આયોજન કરવામાં આવે છે. જે માટે નીચે મુજબના કેન્દ્રો અને સંપર્કો નકકી કરેલ છે. ઈજાગ્રસ્ત પક્ષીનો જીવ બચાવવા આ કરુણા અભિયાનમાં સહભાગી થવા વિનંતી છે.આપના વિસ્તારમાં કોઈપણ ઈજાગ્રસ્ત પક્ષી ધ્યાને આવે તો તેને કાણાવાળા પુઠાના બોક્ષમાં કે બાસ્કેટમાં રાખી નીચે દર્શાવેલા તમારા નજીકના કોઈપણ એક કેન્દ્ર ઉપર પહોંચાડશો અથવા નીચે દર્શાવેલ વિસ્તાર મુજબની મદદ માટેના સંપર્ક કેન્દ્રોને જાણ કરશો.

### "આટલુ કરીએ"

૧) ફક્ત ઉતરાયણના દિવસે પતંગ ચગાવીએ.
૨) વૃક્ષો/ ઈલેક્ટ્રીક લાઈન અને ટેલીફોન લાઈનથી દુર પતંગ ચગાવીએ.
૩) ઘાયલ પક્ષીને જોતા તરત જ નીકટના સારવાર / બચાવ કેન્દ્રનો સંપર્ક કરીએ.
૪) ઘાયલ પક્ષીની આંખને કપડાથી ઢાંકી બાસ્કેટ કે કાણાવાળા પુંઠામાં રાખી બનતી ત્વરાએ સારવાર કેન્દ્રમાં પહોચાડીએ.
૫) ઘરના ધાબામાં કે આજુબાજુના વૃક્ષોમાં ફસાયેલી દોરીનો નિકાલ કરીએ.

### "આટલુ ન કરીએ"

૧) સવારે ૯.૦૦ વાગ્યા પહેલા કે સાંજના ૫:૦૦ વાગ્યા પછી પતંગ ન ચગાવીએ.
૨) ક્યારેય પણ તુકકલ ન ચગાવીએ.
૩) ચાયનીઝ,સિન્થેટીક કે કાચ પાયેલી દોરીનો પતંગ ચગાવવામાં ઉપયોગ ન કરીએ.
૪) ઘાયલ પક્ષીના મોઢામાં પાણી કે ભોજન ન મુકીએ.
૫) રાત્રીના સમયે ફટાકડા ન ફોડીએ.
૬) ઘાયલ પક્ષીની સારવાર જાતે ન કરીએ.
૭) ઘાયલ પક્ષી પર પાણી ન રેડીએ.

હેલ્પલાઈન નંબર : ૧૯૬૨, બનાસકાંઠા વન વિભાગ, પાલનપુર હેલ્પલાઈન નં. (૧) ૦૨૭૪૨ – ૨૫૭૦૮૪
(૨) ૦૨૭૪૨– ૨૫૭૦૫૬

Scanned by CamScanner

Scanned by CamScanner